રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં. 4846/2015**

**આંક–**

**ફરીયાદી** : જે બી પટણી, સરાકરી શ્રમ અધિકારી મજુર અધિનીયમ–1986

**વિ રૂ ધ્ધ.**

**આરોપી** : (૧) શ્રી સુકા મેગા મેના, ભેરુનાથ નાસ્તા હાઉસ ઓઢવ અમદાવાદ

ફરીયાદી તર્ફે વિ. વ. શ્રી એ. પી. પી. અને આરોપી તરફે વિ. વ. શ્રી.

**ગુનો** : બાળ મજુર(પ્રતિબંધ અને નિયમન) અધિનીયમ–**1986** અન્વયે ગુજરાત નિયમો **1994** ના કલમ **3,5(1)**

1. **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–**

**આરોપીએ** બાળ કામદારો નોકરી રાખી, બાળ શ્રમયોગીની ઉંમરનું નિયત નમુનાનું પ્રમાણપત્ર માંગવા છતા ન રજુ કરી નિયમ – **10** સાથે વાંચતા નિયમ–**5(1)**નો ગુનો કરેલ છે અને **પ્રાઈવેટ ફરીયાદ ઉપરોકત વિગતવાળી દાખલ કરતા પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરી આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.**

૩. **આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–: આ ખ રી હું ક મ : –**

**આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે** બાળ મજુર(પ્રતિબંધ અને નિયમન) અધિનીયમ–**1986** અન્વયે ગુજરાત નિયમો **1994** ના કલમ **3,5(1) ના ભંગ બદલ આરોપી ને રૂા. 1000/– અંકે રૂા.** એક હજાર પુરા**નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**ઉપરોકત ચુકાદો તા.** 22 મી એપ્રિલ સને 2018 **ના રોજ જાહેર કર્યો.**

**તા.** 22.04.2018

(જે. એલ. ચોવટીયા)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.
**અમદાવાદ ગ્રામ્ય મીરઝાપુર અમદાવાદ**

**સ્થળ:– મીરજાપુર,અમદાવાદ**